

# BUTમોગરો

-પ્રવીણ પટેલ 'શશી'

## (૫૨) શબ્દ પાલવડે સજાવ્યાં કાવ્યો રે લોલ

મે માસ દરમ્યાન સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી ઠેરઠેર થઈ. સામયિક ને વર્તમાનપત્રોમાં આનાં અહેવાલો પણ આવ્યા. મિત્રોનાં નામો જ્યાં જ્યાં આવે તે ભાગ હું વારંવાર વાંચુ. હ્યુસ્ટનના ગુજરાતી સમાજની ઉજવણીમાં ત્યાંની 'સાહિત્ય સરિતા'એ બે કાર્યક્રમો રજૂ કર્યા. આમાં એક નામ મેં બે વખત વાંચ્યું. આમની એક ઈ-મેઈલ સિંગાપોરથી આવી હતી. જોગાનુજોગે આ વ્યક્તિ **મે** માસમાં ન્યૂ જર્સીમાં બેચાર દી માટે આવી. અનાયાસે એમને મળવાનો મેળ બેસી ગયો.

સિંગાપોર અને એ વિસ્તારના દેશોમાં અમારે ફરવા જવું છે. મારું એમને મળવાનું મુખ્યત્વે કારણ સિંગાપોર માટેની માહિતી મેળવવાનું હતું. પરંતુ, બન્યું એવું કે આ બાજુ પર રહ્યું અને બીજી ઘણી વાતો થઈ. ત્રણેક દાયકાથી **દેવિકા ધ્રુવ** અમેરિકામાં રહે છે. આમ તો મિત્ર વિજય શાહ પાસેથી એમનો અછડતો પરિચય સાંપડ્યો હતો. સવિશેષ જાણવા મન તત્પર બન્યું હતું, એમણે સંદિગ્ધ શરૂઆત કરી :



***નથી હું મીરા કે નથી કોઈ રાધા***
***મારે તો વનરાવન કે મથુરા***
***કદબ્બ કે ગોકુળ સઘળું યે વેબમાં !***

મીરાં કે રાધાને જાણે છે, મથુરા કે ગોકુળની ખબર છે, આમ એ ભારતીયતામાં ઓળઘોળ છે, છતાં વેબ-જાળાંમાં એ સઘળું લાવી મૂકે છે. જિંદગી પણ એક જાળું, ફસાયા તો મોટી ગૂંચવણ અને અગર ભેદાયું તો પછી બધું આસાન !

દેવિકાના નણંદનું લેકવૂડનું અપાર્ટમેન્ટ, ત્રાંસે ખુરશીમાં એ, સામે સોફામાં નણંદ અને એમની બાજુમાં ઊર્મિલા. ઔપચારિક વાતો, નહીં એનો કોઈ અંત, અને..

..અને નણંદ રત્નાબહેનની આંખમાં મેં ઝળઝળિયાં જોયાં. અકસ્માતમાં પતિ દેવેન્દ્ર પારઘી દેવલોક પામ્યા, આટલું જ પૂરતું નહીં દીકરાને જન્મજાત કેટલીક શારીરિક તકલીફો ! એને અમેરિકા બોલાવી ભાવિની અસંભવિતતાઓમાંથી બહાર લાવી સ્વતંત્ર રીતે પગભર કરવામાં દેવિકા નિમિત્ત બન્યાં. દરેક પોતાનું નસીબ લઈને આવે, પરંતુ અરસપરસ કામ આવવું, એકબીજાંનાં બની રહેવું, આ અતિ મહત્વનું છે. ભાણો ઉન્મિલ ભણ્યો, થાળે પડયો, લગ્ન પણ કર્યા, સારા કામમાં નિમિત્ત બન્યાનો સંતોષ હું દેવિકાનાં નેણમાં કળી શક્યો. અચ્છાઈનું બી સંસ્કાર, સારા સિંચનનો જ કદાચ આ પ્રતાપ ! ઘટનાક્રમના ઉતારચઢાવમાં એક નવલકથાની શક્યતા છે; સુથારનું મન ક્યાં ?, તો બાવળિયે, મારું પણ કંઈક એવું !

ગામ ભૂડાસણા, ઘણું જ નાનું, દેવિકાનું આ મોસાળ, ગામના ઘરમાં જ એનો જન્મ, તારીખ હતી ફેબ્રુઆરી ૭, ૧૯૪૮. **દાદા રતનલાલ** શરાફની પેઢી ચલાવતા; જેવો પેશો, એવી અટક, **બેન્કર** ! અઢળક સાહ્યબી હતી, અચાનક એમનું અવસાન થયું, પૈસાને પગ આવતાં કયાં વાર લાગે ?, સ્થિતિ મધ્યમવર્ગી બની ગઈ !

**પિતાજી રસિકલાલ** ખુમારવંત વ્યકિત. પ્રેમાળ ખરા, પણ ક્રોધી, ખોટું ચલાવી લેવાની તો વાત જ નહીં ! અમદાવાદ મિલમાં એ નોકરી કરતા, મતભેદને કારણે એમણે એ છોડી પણ દીધેલી ! **માતાજી કમળાબહેન** તો સહનશીલતાની મૂર્તિ, સંગીત પ્રેમી પણ ખરાં, કામનું લાગે એની એ નોંધ રાખતાં. દેવિકાથી એક ભાઈ અને એક બહેન મોટાં, અને પાછળ એક ભાઈ અને બે બહેન નાનાં. મોટો પરિવાર, કરકસર સહજ, ચિવટતા પણ સ્વાભાવિક, અને આ જ તો છે મધ્યમવર્ગી જીવન પદ્ધતિ, સાદું જીવન અને સુહાનાં સ્વપ્નાં !

મુંબઈની પહેચાન ચાલ અને અમદાવાદની ઓળખ પોળ. પોળને નાકે બાળભવન હતું. ત્યાં જઈ ચોપડીઓ વાંચવાનું દેવિકાને જબરું તાન. દાદીમા વાતો કહે, ને એ સાંભળે. વળી એ દાદીને ખુદ પણ વાતો સંભળાવે. આમ કલ્પના શક્તિને બઢાવો મળતો. યુનિસિપલ ખાડિયા કન્યાશાળામાં પ્રાથમિક અને મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલમાં દેવિકાનું માધ્યામિક શિક્ષણ પત્યું. વકૃત્વ સ્પર્ધામાં બે વખત પ્રથમ ઈનામ, 'ગાંધીજીના જીવનનો એક પ્રેરક પ્રસંગ' શીઘ્ર વકૃત્વ હરિફાઈમાં પણ પ્રથમ, 'ધમુની ઢીંગલી'માં પાર્શ્વગાયિકા, કુમારી મંડળમાં મંત્રી અને પ્રમુખ, વાર્ષિકોત્સવમાં મણીપુરી ને બાલી નૃત્ય, અને અગિયારમા ધોરણ દરમ્યાનના સ્વયંશિક્ષણ દિનમાં પ્રિન્સીપાલ, મને આમાં સ્વપ્નાં સાકાર કરવાની દેવિકાની કૃતનિશ્ચયતા વર્તાઈ.

એમનું પ્રથમ કાવ્ય 'તમન્ના', ઉમર ત્યારે વર્ષ પંદર, નંબર ONEની એમની આકાંક્ષા આમાં સ્પષ્ટ કળાય છે :

***લાવું નંબર એસ.એસ.સી.માં કેન્દ્ર અમદાવાદમાં,***
***કરું પ્યારી શાળાના નામને રોશન અમદાવાદમાં.***

૧૯૬૪માં એસ.એસ.સી. ઉત્તિર્ણ કરી, ૭૧ ટકા, ફર્સ્ટ ક્લાસ, વાહ ! અમદાવાદ આર્ટ્સ કૉલેજ અને એચ. કે. આર્ટ્સ કૉલેજમાં આગળ અભ્યાસ, ૧૯૬૮માં બી.એ.ની ઉપાધિ, સંસ્કૃત મુખ્ય વિષય, ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ, પાછો શ્રી કરમશી સોમૈયા સુવર્ણચન્દ્રક, દુબારા મારી વાહ વાહ !



નગીનદાસ પારેખ, મધુસૂદન પારેખ, યશવંત શુક્લ આદિ એમનાં અધ્યાપકો હતા. અંગ્રેજી, બંગાળી, સંસ્કૃત અને ગુજરાતી સાહિત્ય વિપુલ પ્રમાણમાં વંચાયું. કૉલેજ દરમ્યાન ઈતર પ્રવૃત્તિઓમાં એ પૂરેપૂરાં તરબોળ રહ્યાં. 'આણલદે', 'ખુદાહાફિઝ' અને 'મોટાકાકાની મૈયત' નાટકોમાં અભિનય; કાવ્ય પઠન સ્પર્ધામાં ઈનામો, સુહસ્તાક્ષર સ્પર્ધામાં પણ ઈનામ; ભિલ, આસામી, ડાંગરાસ, મણીપુરી, રાજસ્થાની આદિ લોકનૃત્ય સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સહભાગિતા; વક્તૃત્વ સ્પર્ધા, એ પણ પાછી સંસ્કૃતમાં, અને બે ચન્દ્રકો જીતે; શું કહીશું આ બધા ને ?

સર્વ રીતે પ્રથમ કક્ષાની વિદ્યાર્થિની, મને એમ કે એમણે અનુસ્નાતક અભ્યાસ પછી ચાલુ રાખ્યો હશે. પણ, એમ થયું નહીં, કારણ કે ઘરમાં બીજાંને નોકરી કરી ભણાવવાનાં હતાં ! સાચું ભણતર એ કેવળ પુસ્તકિયું જ્ઞાન જ નહીં, પણ જવાબદારીઓનું સમજજ્ઞાન પણ ખરું, ઉપસ્થિત સંજોગોમાં દેવિકાબહેનનો નોકરી કરવાનો નિર્ણય સહી હતો.

સહિયર ઉષા પોળમાં રહે, **રાહુલ ધ્રુવ** એના પિતરાઈના મિત્ર થાય, ઉષાને ત્યાં એ ક્યારેક ક્યારેક મળી જતા. સાઠના દાયકાની મધ્યમાં રાહુલ રણજીત ટ્રોફી ક્રિકેટ ટીમના ખેલાડી હતા. દેવિકા બી.એ.માં હતા, ત્યારે એમની તસ્વીર વર્તમાનપત્રમાં આવી હતી. સાથે કોઈ જીત અંગે રાહુલની તસ્વીર પણ છપાઈ હતી. વિજયીને અભિનંદન તો આપવા જ જોઈએ, દેવિકા રાહુલને અભિનંદન આપવાં ગયાં, અને દિલ હારીને પાછાં આવ્યાં ! પછી શું ? પોતે તો સ્પોર્ટમાં ઝિરો, પણ હિરોમાં એ ખોવાઈ ગયાં, હળતાંમળતાં પરિચય વધ્યો, પ્રેમમાં પરિણમ્યો, બન્નેના પિતાજી એકબીજાને જાણતા હતા, ત્રણેક વર્ષનાં સંવનન અંતે શું પરિણામ આવ્યું હશે ?, નિર્ણય કરવાનું તમારી ઉપર જ છોડું છું ...

ભણતરમાં અવ્વલ, આમેય હોશિયાર તો હતાં, નોકરી મળતાં વાર ના લાગી. ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં ૧૯૬૮ થી ૧૯૮૦ પર્યંત કામ કર્યું. વ્યવસાય આંકડા સાથે મથામણ કરવાનો, પરંતુ અક્ષરો સાથે કામ કરવું એમને વિશેષ ગમતું. મહિલા શાસક કોંગ્રેસ યોજિત મેંદી હરીફાઈ અને વક્તૃત્વ સ્પર્ધામાં એ પ્રથમ ઈનામ પામેલાં. રાહુલ સેન્ટ્રલ બેન્કમાં કામ કરે, તે ત્યાં મેનેજર હતા. આદર્શ મોટા ઘરની વહુ બનવાનું સ્વપ્ન દેવિકાબહેનને જોયું હતું, દિલથી જોયું હશે, માટે સાકાર પણ બન્યું.

મોટાં બહેન જે ડોક્ટર હતાં એ અમેરિકામાં સ્થાયી થઈ ચૂક્યાં હતાં. દેવિકાબહેનને અમેરિકા આવવું ન હતું, પરંતુ મોટીબહેનના સ્નેહવશ એ અમેરિકા આવ્યાં. શરૂમાં ત્રણેક વર્ષ ન્યુ યોર્કની ક્વિન્સ બરોમાં વૂડસાઈડ અને એલ્મહર્સ્ટમાં એ રહ્યાં. યોગાનુયોગ એવો બન્યો કે દેવિકાબહેન અને રાહુલભાઈ બન્ને બેન્કમાં કામ કરતાં થઈ ગયાં, દેવિકા બેન્ક ઑફ બરોડામાં અને રાહુલ ચેસ બેન્કમાં ! ૧૯૮૪થી ૨૦૦૪ દરમ્યાન ઈઝલિન, ન્યુ જર્સીમાં એમનો વસવાટ રહ્યો. બેન્ક ઑફ બરોડામાંથી જે નિમણૂક પત્ર આવ્યો હતો, એ દેવિકાબહેન માટે આનંદની ક્ષણ. અહીં એમણે ૨૦૦૩ સુધી નિષ્ઠાપૂર્વક કામ કર્યું, આનો પણ એમને પરિતોષ.

વસ્તારમાં બે દિકરા, બન્ને દેશમાં જન્મેલા, સાસુમા બુદ્ધિબહેનના સથવારે એ મોટા થઈ ગયા અને ખબર પણ ના પડી ! મોટો દીકરો બિન્દેશ યેલમાંથી એન્જિનિઅરિંગમાં Ph.D થયો, પહેલાં કનેક્ટીકટ, પછી હ્યુસ્ટન, ત્યારબાદ યુ.કેની કેમ્બ્રિઝ, અને હવે તો પાછું સિંગાપોરમાં કામકાજનું વિસ્તરણ ! નાનો અચલ ENT સર્જન છે, ઓસ્ટિનમાં સ્થિર થયો છે. બન્ને પરણ્યા અને એમના ઘર પણ વસી ગયા.

સ્વેચ્છાએ બેન્કની નોકરી છોડવાનું દેવિકાબહેનનું કારણ પણ દીકરા, વ્યાજનું વ્યાજ પણ ખરું, પાંચ આ ભૂલકાં, આ બધાં પાસે રહેવાનું કોને ના ગમે ?

***નજરથી થોડી શું દૂર થઈ પૌત્રીઓ?***
***દિલમાં એક હાહાકાર થઈ ગયો;***
***આજે વળી, હૃદય પર ભાર થઈ ગયો,***
***લોહીના ખેંચાણનો સાક્ષાત્કાર થઈ ગયો!***

આમ, ૨૦૦૪માં ન્યુ જર્સીથી ટેક્ષાસ દેવિકાબહેને સ્થળાંતર કર્યું. હ્યુસ્ટનમાં પોતાનું મકાન છે, બાગકામનો શોખ, બાગ પણ પછી સુંદર જ હોય ને?

પૌત્રીની સ્કૂલમાં શિક્ષક સહાયક તરીકે એમણે ચારેક વર્ષ કામ કર્યું. ન્યુ યોર્કની ચેસ બેન્કમાં રાહુલભાઈએ કામકાજ ચાલુ રાખેલું, પણ ૨૦૦૬માં હ્યુસ્ટનમાં બદલી લીધી. ૨૦૦૯માં એ નિવૃત્ત થયા.

બેન્ક ઑફ બરોડા સાથેના ત્રેવિસ વર્ષ દરમ્યાન દેવિકાબહેનને બધાજ ડિપાર્ટમેન્ટમાં કામકાજ કરવાનો મોકો સાંપડ્યો. ૧૯૯૮માં ચેરમેન ન્યુ યોર્ક આવ્યા ત્યારે તેમની સમક્ષ બ્રાન્ચનો ચિતાર કાવ્યરૂપે, કામને કવિતા સાથે જોડી રજૂ કર્યો. ૨૦૦૩ માર્ચમાં બેન્કની ભારતની વડી ઑફિસે એક ટ્રેનિંગ કૉન્ફરન્સ થયેલી, દરેક દેશમાંથી એક પ્રતિનિધિએ જવાનું હતું, આમાં એ પસંદ પામેલાં. એમણે ત્યાં એક સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજ્યો. કર્મચારીની કાર્યસાધકતા સંચાલકોના ધ્યાનમાં આવ્યા વગર ના રહે. નાસૌની 'ઑફ શોર બેન્કિંગ', નવી બ્રાન્ચમાં એક ક્લોઝિંગ કાજે એમને પખવાડિયા માટે મોકલવામાં આવ્યાં હતાં.

પદ, પૈસો અને પ્રતિષ્ઠા દેવિકાબહેન માટે ગૌણ રહ્યા છે, કારણ કે લાગણીઓમાં એ વહેતાં રહ્યાં, કદાચ એની એમને ખબર પણ નહીં હોય ! આ રહી એમની કબૂલાત :

***કવચિત લખું છું પ્રસંગે પ્રસંગે,***
***પણ લખું છું શું?, ખબર નથી !***
***કાગળના મંચ પર નાચે કલમ,***
***પણ લય શું, તાલ શું?, ખબર નથી !***

એમનું કહેવું છે કે હ્યુસ્ટનના અવકાશે અને ત્યાંની 'સાહિત્ય સરિતા'એ એમના ભાવપ્રભાવને વધુ ગતિશિલ અને વેગવંત બનાવ્યો. ઉમદા વાતો, કાવ્ય રચના, કાવ્ય પઠન, ગુર્જરી ભાષા, કાર્યક્રમ સંચાલન, આવું બધું અતિશય ગમે. ચાલો, એમની 'તમન્ના' જાણીએ :



***વિસામો ઝંખતા કો'શ્રમિત પથિકની છાંયડી બનું,***
***નાનકડા ગામની ઝુંપડીની આશા દીવડી બનું,***
***સરિતા પાર કરતા વસુદેવની છાબડી બનું,***
***તમન્ના છે, વિયોગિનીને ડોલાવતી વાંસળી બનું,***
***કે, મંદિરના પૂજારીની ભાવભીની આરતી બનું,***
***સઘળું થાઉં, કે ઘડીભર કંઈ એક માત્ર જ થાઉં?***
***તારી કલાની સુરેખ એક આકૃતિ જ કેમ ના બનું?***

નિરાશા કે અફસોસ કરવાથી શું વળે ? નકારાત્મક વૃત્તિ કરતાં આશાવાદી વલણ એમને મન બહેતર. જિંદગી તો આખરે પૂરી જ થવાની, પરંતુ સારી વ્યકિત તરીકે પાછળ બધાં યાદ કરે, એવી એમની એક માત્ર આકાંક્ષા. છતાં, એમનાં કાવ્યોનું કોઈ અંગ્રેજી કરે એવી ઈચ્છા એટલા માટે છે કે પૌત્ર અને પૌત્રીઓ એ વાંચી શકે. દાદી કવિતા લખે, અને પૌત્રી એને અનુરૂપ ચિત્રાંકન કરી આપે, કેવું સરસ જોડાણ આ ?

મેં રાઝ ખોલી નાંખ્યો છે, તો સ્પષ્ટતા કરી જ દઉં કે દેવિકા એક કવયિત્રી છે અર્થાત્ શબ્દોને વ્હાલ કરે છે, ઊર્મિઓને પ્રગટ કરી શકે છે અને અભિવ્યકિત કાજે નિત રિયાઝ કરે છે; અને હા, કાવ્ય પ્રયોગો પણ કરે છે.

'ક'થી શરૂ થાય અને 'જ્ઞ'થી આપણી ગુજરાતી વ્યંજનમાળા પતે, પરંતુ વ્યંજનમાળાના કોઈ એક જ વ્યંજનિય વિવિધ શબ્દો વાપરી કેટલા કાવ્ય રચી શકે ? એક દાખલો લઈએ:



***થાકી થાકીને***
***થોડો થંભ્યો થાંભલે***
***થોર થઈને!***

વ્યંજમાળાના પ્રત્યેક વ્યંજનની એમણે અલગ અલગ કાવ્ય રચનાઓ કરી છે. શબ્દારંભે કાવ્યોની શરૂઆત અને કાવ્યો થકી કક્કો પૂરો કરવાની દેવિકાબહેનની પ્રતિબદ્ધતાને વિજય શાહે સત્કારી, તો રઈશ મનીયારે આને એમનાં સાહજિક કવિકર્મની મોટી સિદ્ધિ લેખી.

સાહજિકતા શબ્દ ઘણું ઘણું કહી જાય છે, ના ભાર, ના છંદ, ના ગુંચવાડો, ના ઉપદેશ, ના વિશ્લેષણ; પરંતુ સઘળું સરળ, ભાવપૂર્ણ અને સુસંગત. દેવિકાબહેનનાં કાવ્યોને હું ઊર્મિકાવ્યો કહેવાં વધુ પસંદ કરું. છોળ પણ છલકાટ નહીં, એ એમનું જમા પાસું.

સંગીતા, નાની બહેન, એમની કેટલીક ખાસિયતો તરફ અંગૂલી નિર્દેશ કરે છે : બાળપણથી સુવિચારોની નોંધ રાખતાં, ગમતી ગઝલોનો સંચય કરેલો, યુવાનીમાં અંગત ડાયરી લખતાં વગેરે વગેરે.

પ્રેમ, આદર, આસ્થા, લાગણી, સંવેદન, પરિશ્રમ, વાત્સલ્ય, રાષ્ટ્રચેતના, કુટુંબભાવના, માનવસબંધો, પ્રકૃતિમગ્નતા, કૃતનિશ્ચયતા, પરિતોષ-સાફલ્યતા આદિ દેવિકાબહેનનાં અંશઘટકો છે. ખુદને ખોળવું, ખુદમાં પામવું, આ નિખાર હું એમનાં જીવનમાં જોઈ શક્યો. આનું પ્રતિબિંબ એમનાં કાવ્યોમાં પણ સુપેરે દ્રશ્યમાન થાય છે. ગીત, ગરબા, હાયકુ, મુક્તક, અછાંદસ, મંગળાષ્ટક ઈત્યાદિમાં ફાવટ સારી. કૌટુંબિક ઘટના, બનાવ કે પ્રસંગો કાવ્યમાં ગુંથવાં એમને ગમે.

ગઝલ માટે લગાવ ખરો, પરંતુ ખાસ કશું લખાયું નથી. આવું છંદોબદ્ધ રચનાઓનું છે. માત્રામેળ અને અક્ષરમેળ હજી એ શીખી રહ્યાં છે, મને આ સચ્ચાઈ સવિશેષ જચી. ગદ્ય સારું અને રસાળતાથી લખી શકે, પરંતુ કાવ્યો પ્રત્યે સવિશેષ પક્ષપાત, એ પણ સત્ય જ !

હ્યુસ્ટનની 'ગુજરાતી સાહિત્ય સરિતા'એ દેવિકાબહેનનો **'શબ્દોને પાલવડે'** કાવ્યસંગ્રહ ૨૦૦૯માં પ્રગટ કર્યો. પુત્ર જન્મ જેવો જ આ પુસ્તક પ્રાગટ્યે એમને આનંદ થયો. કવિ તુષાર શુક્લે સંગ્રહનું વિમાચન કર્યું હતું. પુસ્તક અર્પણ થયું છે બુદ્ધિબાને અને કમળાબાને, વિમોચન ટાણે ૯૪ વર્ષિય સાસુમા હાજર પણ હતાં ! ગુજરાતના અનેક કવિ-સાહિત્યજનને રૂબરૂ મળી એમણે પોતાના સંગ્રહથી વિદિત પણ કર્યા પ્રો. સુમન અજમેરીના મતે મજકૂર સંચયમાં જીવનની વ્યાપકતા અનેક રીતે ઉજાગર થઈ છે.

દેવિકાબહેનને ગમતા કાવ્યની કેટલીક લાઈનો :

***શતદલ પંખ ખીલત પંકજ પર, છલ છલ છલકત જલ સરવર પર,***
***ભીંજત બદન નર નાર નવલ પર, ઝૂલત ફૂલ શતદલ મધુવન પર.***

'ગુજરાતી સાહિત્ય સરિતા'ની અનેકાવિધ પ્રવૃત્તિઓમાં દેવિકાબહેન પ્રવૃત્ત રહે છે, આ પછી શેરાક્ષરી હોય, શબ્દ સ્પર્ધા હોય, કાવ્ય પઠન હોય કે પછી અન્ય જે કંઈ હોય તે; ૧૦૧મી બેઠકમાં યોજાયેલી 'શબ્દ સ્પર્ધા'માં એ પ્રથમ આવેલાં, તાજેતરમાં ત્યાંના ગુજરાતી સમાજે યોજેલા કાર્યક્રમમાં 'સાહિત્ય સરિતા'ના 'એક અનોખી મહેફિલ' નાટકમાં એમણે કસ્તૂરબાની અવિસ્મરણીય ભૂમિકા ભજવી, તો 'સરિતા'ની બહેનોએ વળી દેવિકાબહેન રચિત અને દિગ્દર્શિત 'દીવડા ગરબો' પણ રજૂ કર્યો.

રસ છે, એ રસાળ જ રહેવાનાં, રચનાક્રમ પણ રસપૂર્વક જારી રહેવાનો. ક્રમની વાત નીકળી છે, તો મારે એમણે બનાવેલ 'જીવન ચક્ર', (6' x 6'), છ ફુટ બાય છ ફુટ, વર્તુળ વિષે લખવું જ રહ્યું. આમાં ૮૦ લાઇનો છે, જેમાં ૧૯૪૮થી અત્યાર સુધીની ઘટનાક્રમ વિગતો એમણે નોંધી છે, અને નવી એમાં નિત્યે ઉમેરતાં રહે છે.

વેબ-જાળાંની અગાઉ વાત છેડી હતી. આમ જુઓ તો આ કમ્પ્યુટરની દેન છે. દેવિકાબહેને પોતાના બ્લોગ બનાવ્યા છે, ***http://devikadhruva.wordpress.com*** અને ***www.devikadhruvagujaratisahitysarita.org***,જેમાં એ એમની રચનાઓ મૂકે છે, અને મિત્રોને ઈ-મઈલથી એની લ્હાણી પણ કરે છે. સમાચારપત્રો એમનાં સર્જનકર્મની નોંધ લે છે, એ પણ એક શુભ સંકેત. અંતે, એમનાં જ નવતર કાવ્ય પ્રયોગથી એમને હું બિરદાવું તો કેવું ?

***દેહંતી દીધી દેશિકા, દોમદોમ દિલરિયું દીવાની,***
***દેવની દીધી દેવિકા, દોમદોમ દિવડિયું દીવાળી.***